અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે નોકરીઓમાં જગ્યાઓ અનામત રાખવી.

# ગુજરાત સરકાર

## શિક્ષણ અને મજુર વિભાગ

ઠરાવ નં. બીસીઈ-૩૪૭૧-જે-(સેલ-૫૦૨૩-(સી)
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી ડિસેમ્બર, ૧૯૭૧

## ઠરાવ

સરકારે, સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૦ મી સપ્ટેમ્બર, ૧૯૬૯ ના સરકારી ઠરાવ નં. બીએસી-૧૦૬૪/૩૩૭૩-ચ થી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યો માટે રાજ્ય સેવામાં જગ્યાઓ અનામત રાખવાની ટકાવારી નક્કી કરે છે. તે ઠરાવમાં જણાવેલ હુકમોના અમલ સારૂ, જે અંગે જગ્યાઓ અનામત રાખવાની ટકાવારી અનુસૂચિત જાતિઓ માટે ૫ ટકા અને અનુસૂચિત આદિજાતિઓ માટે ૧૦ ટકા છે. તે રાજ્ય કક્ષા વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓની બાબતમાં નીચેની સૂચનાઓ બહાર પાડવાનું ઠરાવવામાં આવે છે.

૧. <u>જગ્યાઓ અનામત રાખવાની વ્યાપ્તિ.</u>

૨. બધા કેસોમાં, જગ્યાઓ ભરવા માટે લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ નિયત કરવામાં આવશે અને જગ્યાઓ અનામત રાખવાની બાબત નિયત કરવામાં આવેલી ઓછામાં ઓછી લાયકાત ધરાવતા અને નિમણૂક માટે બધી રીતે યોગ્ય ઉમેદવારો પૂરતી સંખ્યામાં જોઈએ ત્યારે ઉપલબ્ધ થાય થાય તે શરતને આધીન રહેશે.

૩. જગ્યાઓ અનામત રાખવાની બાબત વર્ગ-૧ અને વર્ગ-૨ ની બધી જગ્યાઓને અને છ મહિનાથી ઓછી મુદતની હંગામી નિમણૂક સહિત કાયમી નિમણુંક સહિત કાયમી અને હંગામી નિમણૂકને અલગ રીતે લાગુ પડશે.

૪. આમ છતાં, જગ્યાઓ અનામત રાખવાની બાબત બદલીથી અથવા બઢતીથી ભરવામાં આવતી ખાલી જગ્યાઓને લાગુ પડશે નહિ.

૨. <u>મુક્તિ આપવા અને બાકાત રાખવા અંગે.</u>

૪-ક, સરકાર, એક નિયમ તરીકે, આ હુકમના ક્ષેત્રાધિકારીમાંથી મુક્તિ આપવા ઈચ્છતી નથી, આમ છતા, અપવાદરૂપ કેસો શિક્ષણ અને મજુર વિભાગને પુછાવવા.

૫ ગુજરાત રાજ્ય—સેવા કમિશનની ક્ષેત્રમર્યાદા બહાર હોવાનું જાહેર કરવામાં આવી હોય તેવી બધી જગ્યાઓને આ હુકમોના ક્ષેત્રાધિકારમાંથી બાકાત રાખવામાં આવે છે.

૩. <u>યાદીઓ.</u>

૬. નિયત જગ્યાઓ અનામત રાખવાની બાબતમાં યોગ્ય અમલ કરવા નિમણૂક કરતા બધા અધિકારીઓએ ખાલી જગ્યાઓને, ખુલ્લી સપર્ધા ધ્વારા (એટલે કે ગુજરાત રાજ્ય-સેવા કમિશન મારફત અથવા અન્ય કોઈ સત્તા ધ્વારા) અથવા ખુલ્લી સ્પર્ધા ધ્વાર હોય તે સિવાય બીજી રીતે રાજ્ય કક્ષાના ધોરણે કરવામાં આવતી ભરતીની બાબતમાં પરિશિષ્ટ—૧માં આપવામાં આવ્યા પ્રમાણે ૪૦ ક્રમ (Points) ધરાવતી નમૂનારૂપ યાદી અનુસાર "અનામત" અથવા "બિન—અનામત" તરીકે ગણવી.

૭. યાદી પરિશિષ્ટ-૨ માં આપેલા ફોર્મમાં રજિસ્ટરમાં રાખવામાં આવશે. યાદીઓ રાખવા અંગેની વિગતવાર સૂચનાઓ પરિશિષ્ટ-૩ માં આપવામાં આવી છે.

૪. <u>વાર્ષિક પત્રકો.</u>

૮. દરેક ખાતાના વડાએ દર વર્ષે જાન્યુઆરીની પહેલી તારીખ પછી બને એટલું વહેલું અને મોડામાં મોડું માર્ચની પહેલી તારીખ સુધીમાં, તે વર્ષના જાન્યુઆરી મહિનાની પહેલી તારીખે હોય તે પ્રમાણે.દરેક વર્ગ એટલે કે વર્ગ-૧ અને વર્ગ-૨ માં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ દ્વારા ધારણ કરવામાં આવેલી જગ્યાઓની કુલ સંખ્યા દર્શાવતાં, પરિશિષ્ટ-૪ અને ૫ માં આપવામાં આવેલ ફોર્મમાં પત્રકો તેમના સંબંધિત વહીવટી વિભાગને મોકલી આપવાં.

૯. વહીવટી વિભાગે તેના નિયંત્રણમાં અથવા હેઠળ હોય તેવાં બધાં મહેકમ અને સેવાઓ અંગે વાર્ષિક પત્રકોની ચકાસણી કરવી. શિક્ષણ અને મજુર વિભાગે પણ વાર્ષિક પત્રકોની પ્રતિક—ચકાસણી કરવી.

૫. <u>જગ્યાઓની જૂથ રચવા.</u>

૧૦. છૂટી-છવાઈ વ્યક્તિગત જગ્યાઓ અને જેમાં જગ્યાઓ પૂરતી રીતે વારંવાર ખાલી પડતી ન હોય તેવાં નાનાં (કાડરો) ની બાબતેમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનું પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત બનાવવા, એક જ વર્ગની અને સમાન દરજ્જો, વેતન તથા લાયકાતવાળી જગ્યાઓનાં આ હુકમો લાગુ પાડવાનું સરળ બને તે સારૂં જૂથ બનાવવાં. ૧૦ કરતાં ઓછી જગ્યાઓ ધરાવતી સેવાના કાડર અથવા કક્ષા અથવા વિભાગને આ હેતુ માટે નાનું કાડર ગણી શકાશે. આ રીતે રચવામાં આવેલ જૂથમાં સામાન્ય રીતે ૧૫ થી ઓછી જગ્યાઓ રાખવી નહિ.

૧૧. જગ્યાઓનાં જૂથ બનાવવા માટેની દરખાસ્તો, જૂથ બનાવવ માટે વિચારેલ જગ્યાઓ અંગે નીચેની બાબતે પૂરી વિગતો સાથે પૂર્વ-મંજૂરી અર્થે શિક્ષણ અને મજુર વિભાગને પૂછી શકાશે.

(૧) દરેક જગ્યાનો હોદ્દો અને તેની સંખ્યા,

(૨) જગ્યા વર્ગ-૧ ની છે કે વર્ગ-૨ની,

(૩) દરેક જગ્યાનું પગાર-ધોરણ,

(૪) દરેક જગ્યા પર સીધી ભરતી માટે નિયત કરવામાં આવેલ ઓછામાં ઓછી લાયકાત.

૬. **ખાલી જગ્યાઓ આગળ ખેંચવી અને રદ કરવી.**

૧૨. વખતોવખત સુધાર્યા પ્રમાણેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૯ મી જૂન, ૧૯૬૪ ના સરકારી પરિપત્ર નં. બીએસી-૧૦૬૪/૩૧૭-ચ માં આપેલ સૂચનાઓનું ચીવટપૂર્વક પાલન કરવું.

૧૩. કાયમી જગ્યાઓમાં ખાલી જગ્યાઓ ''અનામતમાંથી બિન અનામત'' કરવી નહિ. એટલે કે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિની ન હોય તેવી વ્યકિતને આવી જગ્યાઓમાં કાયમ કરવી નહિ.

જગ્યા અનામતમાંથી બિન-અનામત કરવી જરૂરી બને તેવા કેસમાં સંબંધિત ખાતાના વડાએ પરિસ્થિતિની જાતે ખરાઈ કરવી, જગ્યા અનામતમાંથી બિન-અનામત કરવા અંગેના કારણોની લેખિત નોંધ કર્યા બાદ જગ્યા અનામતમાંથી બિન-અનામત કર્યા અંગેના જરૂરી હુકમો બહાર પાડવા અને શિક્ષણ અને મજૂર વિભાગના અમલ બજવણી એકમને જગ્યા એનામતમાંથી બિન-અનામત કર્યા અંગે જાણ કરવી.

૭. **અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે છૂટછાટ અને રાહત.**

૧૪. વયમર્યાદા : સેવામાં કે જગ્યા પર નિમણૂક માટે નિયત કરવામાં આવેલ વધુમાં વધુ વયમર્યાદા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોની બાબતમાં સામાન્ય રીતે ૫ વર્ષ સુધી વધારી આપવી. આમ છતાં આ બાબત, સામાન્ય અને ખાસ ભરતી નિયમો હેઠળ આ કોમોના સભ્યોને આપવામાં આવતી વય-મર્યાદામાં રાહત અંગેની ખાસ સૂચનાઓને અધીન રાખવી.

૧૫. યોગ્યતાનાં ધોરણ-(ક) પરીક્ષા દ્વારા સીધી ભરતી :- અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો સ્પર્ધા અથવા પસંદગીમાં તેમની સામાન્ય સ્થિતિ અનુસાર તેમના માટે અનામત રાખવામાં આવેલી સંખ્યા કરતાં ઓછી ખાલી જગ્યાઓ મેળવે તો જેમણે નીચલી સ્થિતિ મેળવી હોય પરંતુ આવી પરિક્ષામાં જેઓ લાયક ઠર્યા હોય તેવા આવી જાતિઓ કે આદિજાતિઓના ઉમેદવારોને નિમણૂક કરતાંઅધિકારી દ્વારા ઊણપ પૂરી કરવા માટે પસંદ કરી શકાશે.

યાદીમાંની અનામત ખાલી જગ્યા માટે અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત આદિજાતિના એક કરતા વધારે ઉમેદવારો માત્ર ગુણવત્તાના ધોરણે પસંદગી માટે લાયક ઠરે અને યાદીમાંની અનામત ખાલી જગ્યા તાત્કાલિક પ્રાપ્ય ન હોય તે ગુણવત્તાના ધોરણે આ રીતે પસંદ કરાયેલ ઉમેદવારને બિન-અનામત જગ્યા માટે ગણતરીમાં લેવો અને ત્યાર પછીની અનામત જગ્યાને બિન-અનામત જગ્યાને બિન-અનામત જગ્યા તરીકે ગણવી અને તેનો તે પ્રમાણે ઉપયોગ કરવો.

આમ છતાં,અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત આદિજાતિના ઉમેદવારો માટેની ખાલી જગ્યાઓ અનામત રાખવા અંગેની હાલની ટકાવારી યથાવત રાખવી.

(ખ) પરીક્ષા દ્વારા હોય તે સિવાય બીજી રીતે સીધી ભરતી.

નિમણૂક કરતા અધિકારી, બીજાઓનું હોય તે ધોરણ કરતાં નીચલા ધોરણના અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોની પસંદગી કરી શકશે પરંતુ એ શરતે કે તેઓ નિયત કરવામાં આવેલ ઓછામાં ઓછી શૈક્ષણિક અને ટેકનિકલ લાયકાત ધરાવતા હોય.

૧૬. બિન-પસંદગી જગ્યાઓ પર બઢતી-યોગ્યતાને અધીન રહીને સિનિયોરીટીના ધોરણે બઢતી આપવામાં આવતી હોય ત્યાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓના કેસો અંગે, યોગ્યતાનું ધોરણ વધુ સખત રીતે લાગુ પાડયા વગર સહાનુભૂતિ પૂર્વક નિર્ણય લેવો. આવા ઉમેદવારોને કોરે મૂકવા અંગેના કોઈ કેસ હોય તો તેવા કેસોનો નિર્ણય ઉચ્ચ કક્ષાએ કરવો. વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓની બાબતમાં સરકારના હુકમો અગાઉથી મેળવવા.

૧૭. પસંદગી જગ્યાઓ પર બઢતી : પસંદગી જગ્યા પર બઢતી માટે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારોની ગુણવત્તાનું મૂલ્યાંકન અને પસંદગી-યાદીમાં તેના સ્થાન અંગે નિર્ણય છૂટછાટ મૂકવામાં આવેલા ધોરણને આધારે સહાનુભૂતિ પૂર્વક કરવાં. આવા ઉમેદવારને પસંદગી - યાદીમાંથી બાકાત રાખવો નહિ. સિવાય કે છૂટછાટના ધોરણે પણ બઢતી માટે તેને અયોગ્ય ગણવામાં આવ્યો હોય.

૧૮. ફી : કોઈપણ પરીક્ષામાં પ્રવેશ અથવા સેવા કે જગ્યા પર પસંદગી માટે નિયત કરવામાં આવેલી ફી, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારોની બાબતમાં ૧/૪ભાગ જેટલે ઘટાડવી.

૧૯. પ્રવાસ ભથ્થું : સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે ગુજરાત રાજ્ય-સેવા કમિશન ધ્વારા રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવતો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિનો ઉમેદવાર, તે રહેઠાણના સામાન્ય સ્થળેથી તેની રૂબરૂ મુલાકાતના સ્થળે જવા તથા ત્યાંથી પાછા ફરવા માટે રેલવેના બીજા વર્ગના એકવડા ભાડા માટે પાત્ર રહેશે.

## ૮. <u>અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના હકદાવા અંગે ખરાઇ.</u>

૨૦. નિમણૂક કરતા અધિકારી : ઉમેદવાર પોતે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિના છે તેવા તેનાં હકદાવાના સમર્થનમાં પૂરતી સાબિતી તરીકે નીચેનું કોઇ પણ પ્રમાણપત્ર સ્વીકારી શકશે.

(૧) મેટ્રિક્યુલેશન કે શાળા છોડ્યા અંગેનું પ્રમાણ પત્ર આથવા ઉમેદવારની જાતિ કે કોમ અને રહેઠાણનું સ્થળ દર્શાવતું જન્મ પ્રમાણ પત્ર.

(૨) પરિશિષ્ટ-૭ માં યાદીરૂપે જણાવેલ કોઇ એક અધિકારીએ આપેલું પરિશિષ્ટ-૬માં આપેલા ફોર્મમાં પ્રમાણ પત્ર.

## ૯. <u>અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યાખ્યા અને યાદીઓ.</u>

૨૧. વ્યક્તિ, તે જ્યાંની રહેવાસી હોય તે વિસ્તાર માટે નીચે દર્શાવ્યા પ્રમાણેના હુકમો હેઠળ જેને અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ હોવાનું જાહેર કરવામાં આવી હોય તે જાતિ અથવા આદિજાતિની હોય તો, યથાપ્રસંગ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની સભ્ય હોવાનું ગણવામાં આવશે :-

(૧) મુંબઈ પુર્નરચના અધિનિયમ, ૧૯૬૦ અને પંજાબ પુર્નરચના અધિનિયમ, ૧૯૫૬ સાથે વાંચતા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની યાદીઓ (ફેરફાર) હુકમ, ૧૯૫૬ ધ્વારા સુધાર્યા પ્રમાણેના સંવિધાન (અનુસૂચિત જાતિઓ) હુકમ, ૧૯૫૦ અને સંવિધાન (અનુસૂચિત જાતિઓ) (ભાગ ક રાજ્ય) હુકમ, ૧૯૫૧. અને સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) હુકમ ૧૯૫૦ અને (અનુસૂચિત જાતિઓ) (ભાગ-ક રાજ્ય) હુકમ ૧૯૫૧.

(૨) સંવિધાન (જમ્મુ અને કાશ્મીર) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૫૬.

(૩) સંવિધાન (આંદામાન અને નિકોબાર ટાપુઓ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૫૯.

(૪) સંવિધાન (દાદર અને નગર હવેલી) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૨.

(૫) સંવિધાન (દાદર અને નગર હવેલી) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૬૨.

(૬) સંવિધાન (પાંડિચેરી) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૪.

(૭) સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ) (ઉત્તરપ્રદેશ) હુકમ, ૧૯૬૭.

(૮) સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત જાતિઓ હુકમ, ૧૯૬૮.

(૯) સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત આદિજાતિઓ હુકમ, ૧૯૬૮.

૨૨. હિન્દુ અથવા શીખ ધર્મથી જુદા ધર્મમાં માનતી વ્યક્તિને અનુસૂચિત જાતિની સભ્ય હોવાનું ગણવામાં આવશે નહિ. અનુસૂચિત આદિજાતિની વ્યક્તિના હક તેના ધર્મ/પંથથી સ્વતંત્ર છે.

૨૩. અનુસૂચિત જાતિની વ્યક્તિ બૌધ્ધ ધર્મ અથવા અન્ય કોઇ ધર્મ અંગીકાર કરે તો તે અનુસૂચિત જાતિની સભ્ય હોવાનું બંધ થઇ જાય છે. આવી વ્યક્તિ, અનુસૂચિત જાતિઓના સભ્યો માટે જોગવાઇ કરવામાં આવતી એનામત ખાલી જગ્યાઓ પર નિમણૂક માટે કે બીજી સગવડો માટે પાત્ર રહેશે નહિ.

૨૪. આમ છતાં, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની વ્યક્તિ, બિન-અનુસૂચિત જાતિ/આદિજાતિની વ્યક્તિ સાથે લગ્ન કરે તે લક્ષમાં લીધા વગર અનુસૂચિત જાતિ/આદિજાતિ હોવાનું ગણાવી ચાલુ રહેશે.

૨૫. હિન્દુ ધર્મ અને શીખ ધર્મમાં ધર્માન્તર કે ફરી ધર્માન્તર કર્યુ હોય તેવી વ્યક્તિને સંબંધિત અનુસૂચિત જાતિ દ્વારા તેની પાછી લેવામાં આવી હોય અને સભ્ય તરીકે સ્વીકારવામાં આવી હોય તો, અનુસૂચિત જાતિની સભ્ય તરીકે સ્વીકારી શકાશે.

૨૬. વ્યક્તિ અનુસૂચિત જાતિ/આદિજાતિની છે કે નહિ તે અંગે શંકા થાય તેવા કેસો શિક્ષણ અને મજૂર વિભાગને પુછવવા.

## ૧૦. <u>સંપર્ક અધિકારીઓ.</u>

૨૭. દરેક વિભાગમાં વહીવટના ઈન્ચાર્જ ઉપસચિવ (અથવા તે હેતુ માટે નિયુક્ત બીજા કોઇ અધિકારી), વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના બધા મહેકમ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પ્રતિનિધિત્વને લગતી બાબતો અંગે સંપર્ક અધિકારી તરીકે કામગીરી બજાવશે. આ અધિકારી ખાસ નીચેની બાબતો માટે જવાબદાર રહેશે :-

(૧) આ હુકમો હેઠળ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની તરફેણમાં ખાલી જગ્યાઓ અનામત રાખવા અને તેમને મળવા પાત્ર બીજા લાભ અંગેના હુકમો તથા સૂચનાઓનું નિમણૂંક કરતા તાબાના અધિકારીઓ દ્વારા વિધિસર પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

(૨) વિભાગના નિયંત્રણ હેઠળનાં બધાં મહેકમ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પ્રતિનિધિત્વને લગતા વાર્ષિક પત્રકો એકત્રિત અને સંકલિત કરવા.

(૩) એકંદરે વહીવટી વિભાગનાં વાર્ષિક સંકલિત પત્રકો અને શિક્ષણ અને મજૂર વિભાગ તરફથી મંગાવવામાં આવે તેવા વ્યક્તિગત કચેરીઓને લગતાં પત્રકો અથવા પત્રકો માંથી ઉતારા શિક્ષણ અને મજૂર વિભાગને મોકલવા.

(૪) આ હુકમો દ્વારા આવરી લેવાયેલ બાબતો અંગે પ્રશ્નોના ઉત્તર આપીને અને શંકાનું નિરાકરણ કરીને બીજી માહિતી પૂરી પાડવા માટે વિભાગ અને શિક્ષણ અને મજૂર વિભાગ વચ્ચે સંપર્ક અધિકારી તરીકે કામગીરી બજાવવી.

૨૮. આ ઠરાવ, શિક્ષણ અને મજૂર વિભાગની ફાઈલ નં. બીસીઈ-૩૪૭૧-જે (સેલ) પર સામાન્ય વહીવટ વિભાગની તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૭૧ અને નાણા વિભાગની તા. ૮મી ઓકટોબર, ૧૯૭૧ ની સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એ.આઈ. કારભારી.
સરકારના નાયબ સચિવ

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવ.
રાજ્યપાલશ્રીના સલાહકારના અંગત સચિવ.
* રજીસ્ટાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવ, ગુજરાત રાજ્ય-સેવા કમિશન, અમદાવાદ.
* સચિવ, ગુજરાત તકેદારી કમિશન, અમદાવાદ.
* સચિવ, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ.
* એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકાદી, ગાંધીનગર.
મુકામી ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
સચિવાલયના બધા વિભાગો.
નાયબ સચિવ (તપાસણી), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
બધા કલેક્ટરો.
ક્ષેત્રીય નિયામક (ઝોનલ ડાયરેક્ટર), પછાત વર્ગ કલ્યાણ, ચિલ્ડરન્સ હોસ્પિટલ અમદાવાદ.
બધા જિલ્લા વિકાસ અધિકારીઓ.
બધા ખાતા અને કચેરીઓના વડાઓ.
માહિતી નિયામક, (યોગ્ય અખબારી યાદી બહાર પાડવાની વિનંતિ સાથે).
શિક્ષણ અને મજૂર વિભાગની બધી શાખાઓ.
* પત્ર દ્વારા.

## પરિશિષ્ટ-૬

## અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિના ઉમેદવારે તેના હકદાવાના સમર્થનમાં રજૂ કરવાના પ્રમાણપત્રનું ફોર્મ [ફકરો ૨૦ (૨) ]

### જાતિ - પ્રમાણપત્રનું ફોર્મ

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ____________________ રાજ્ય/સંઘ પ્રદેશના* ____________________ જિલ્લા વિભાગમાં* ____________________ ગામ/શહેરના* શ્રી/શ્રીમતી/કુમારી* ____________________ તે શ્રી ____________________ *ના/ની પુત્ર/પુત્રી મુંબઈ પુર્નરચના અધિનિયમ ૧૯૬૦ અને પંજાબ પુર્નરચના અધિનિયમ, ૧૯૬૬ સાથે વાંચતા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની યાદીઓ (ફેરફાર) બાબતના હુકમ, ૧૯૫૬, સંવિધાન (જમ્મુ અને કાશ્મીર) અનુસૂચિત જાતિઓ બાબતનો હુકમ, ૧૯૫૬.

સંવિધાન (આંદામાન અને નિકોબાર ટાપુઓ) અનુસૂચિત આદિજાતિઓ* બાબતનો હુકમ, ૧૯૫૯.

સંવિધાન (દાદર અને નગર હવેલી) અનુસૂચિત જાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૨.

સંવિધાન (દાદર અને નગર હવેલી) અનુસૂચિત આદિજાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૨.

સંવિધાન (પાંડિચેરી) અનુસૂચિત જાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૪.

સંવિધાન (અનુસૂચિત આદિજાતિઓ)* (ઉત્તરપ્રદેશ) બાબતનો હુકમ, ૧૯૬૭.

સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત જાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૮.

સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત આદિજાતિઓ* બાબતનો હુકમ, ૧૯૬૮.

હેઠળ * અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ તરીકે માન્ય રાખવામાં આવેલ જાતિ/આદિજાતિ નો/નાં છે.

૨.શ્રી / શ્રીમતી / કુમારી ____________________ અને તેમનું* કુટુંબ સામાન્ય રીતે ____________________ રાજ્ય/ સંઘપ્રદેશના* ____________________ જિલ્લા/ વિભાગના* ____________________ ગામ/શહેર* માં વસવાટ કરે છે.

સ્થળ : ____________________ સહી : ____________________

તારીખ : ____________________ હોદ્દો : ____________________

(કચેરીના સીલ સાથે)

રાજ્ય/સંઘ પ્રદેશ*.

*લાગુ પડતા ન હોય તે શબ્દો છેકી નાખો.

નોંધ:- અહીં ઉપયોગમાં લેવાયેલ "સામાન્ય રીતે વસવાટ-કરે છે." એ શબ્દ પ્રયોગનો અર્થ, લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૨૦.માં કરવામાં આવ્યા પ્રમાણે જ થશે.

## પરિશિષ્ટ-૭

## ખરાઇ - પ્રમાણપત્ર કાઢી આપવા માટે સત્તા ધરાવતા અધિકારીઓની યાદી [ફકરો ૨૦(૨)]

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ / વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ/નાયબ કમિશનર / કલેક્ટર / વધારાના નાયબ કમિશનર / નાયબ કલેક્ટર/પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટ, સીટી મેજિસ્ટ્રેટ / પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટની કક્ષાથી ઉતરતી કક્ષાના નહી.) તાલુકા મેજિસ્ટ્રેટ / કાર્યપાલક મેજિસ્ટ્રેટ.

૨. મુખ્ય પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રસિડન્સી મેજિસ્ટ્રેટ પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ.

૩. સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.

૪. મામલતદારથી ઉતરતી કક્ષાના નહિ તેવા મહેસૂલી અધિકારીઓ.

૫. ઉમેદવાર અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતુ હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૬. વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોષ ટાપુઓ.